ગુ. પં. સે. પ. બોર્ડ
આવક
૭૬૮
૩૧
27 JUL 2020

પંચાયત સેવા, વર્ગ-૩ ની સીધી ભરતીમાં રાખવામાં આવતી પ્રતિક્ષાયાદીનું કદ ખાસ કિસ્સામાં વધારવા બાબત

ગુજરાત સરકાર
પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ
ઠરાવ ક્રમાંક:પીએસઆર/૧૦૨૦૧૯/૨૫૫૩/ખ
સચિવાલય, ગાંધીનગર.
તા. ૨૩/૦૭/૨૦૨૦

વંચાણે લીધા:- (૧) સામાન્ય વહીવટ વિભાગનો તા.૧૦-૦૮-૨૦૧૬ નો ઠરાવ ક્રમાંક: પીએસસી/ ૧૦૮૯/૩૯૧૦/ગ-૨

(૨) સામાન્ય વહીવટ વિભાગનો તા.૨૭-૦૭-૨૦૧૮ નો ઠરાવ ક્રમાંક: પીએસસી/ ૧૦૮૯/૩૯૧૦/ગ-૨

(૩) ગુજરાત પંચાયત સેવા પસંદગી બોર્ડ,ગાંધીનગરનો પત્ર ક્રમાંક:આરબી/પ્રકિર્ણ/૬૫/ ૧૬-૧૭/૮૩૯૭, તા.૨૫-૦૯-૨૦૧૯

આમુખ:-

સરકારશ્રીના સામાન્ય વહીવટ વિભાગના ઉપર વંચાણે લીધેલ ક્રમ-(૧) અને ક્રમ-(૨) ના ઠરાવથી કોઇ એક જ સંવર્ગમાં ભરતી માટેની સ્પર્ધાત્મક પરીક્ષા અન્વયે તથા સીધી ભરતીની પસંદગી અન્વયે પ્રતિક્ષાયાદીનું કદ જાહેરાતમા દર્શાવેલ જગ્યાના ૨૦% રાખવાનું રહેશે તેવું ઠરાવવામાં આવેલ છે.

ઉપરોકત જોગવાઇઓ પરત્વે ગુજરાત પંચાયત સેવા પસંદગી બોર્ડના સંદર્ભ-(૩) દર્શિત તા.૨૫-૯-૨૦૧૯ના પત્રથી પંચાયત સેવા વર્ગ-૩ માટેની પ્રતિક્ષાયાદી/એડીશનલ ફાઇનલ સીલેકટ લીસ્ટની મર્યાદા વધારવા દરખાસ્ત કરવામાં આવેલ. જેમાં જણાવ્યા મુજબ પંચાયત સેવા,વર્ગ-૩ માં પસંદગી પામેલ કર્મચારીઓ રાજય સરકાર/ભારત સરકારની અન્ય સેવામાં પસંદગી પામતા તેઓ નોકરી છોડી જતા રહેતા હોય છે. જેના કારણે મોટા પ્રમાણમાં જગ્યાઓ ખાલી રહેવા પામે છે. ભરતી કેલેન્ડર મુજબ સમયસર ભરતી પ્રક્રિયા માટે મોટા પ્રમાણમાં માનવબળ,સમય અને નાણાકીય આયોજનની જરુરીયાત રહેવા પામતી હોય છે. એક ભરતી પ્રક્રિયા પૂર્ણ થવામાં લાગતો સમય,નાણાનો વ્યય અને માનવબળ વગેરે પરિબળોના અંતે પણ નિયત થયેલ જગ્યાઓ પસંદગી યાદી તેમજ ૨૦% પ્રતિક્ષાયાદી ઓપરેટ કરવા છતાં ખાલી રહેવા પામે છે.તેમજ જનહિતના કામોનો સમયબધ્ધ નિકાલ થાય તે માટે ખાલી રહેવા પામેલ જગ્યાઓ સમયસર ભરાય તે પણ ખુબ જ અનિવાર્ય છે.

જેથી,સદરહુ તમામ વિગતો ધ્યાને લેતાં પંચાયત સેવા વર્ગ-૩ની પ્રતિક્ષાયાદી/એડીશનલ ફાઇનલ સીલેકશન લીસ્ટના કદમાં ખાસ કિસ્સા તરીકે ફેરફાર કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

## ઠ રા વ

પ્રસ્તુત બાબતે સરકારશ્રીની કાળજીપૂર્વકની વિચારણાના અંતે નિર્દિષ્ટ કરાયેલ વિશિષ્ટ સંજોગો ધ્યાને લેતા, પંચાયત સેવાના વર્ગ-૩ના વિવિધ સંવર્ગોની સીધી ભરતી અન્વયે પ્રતિક્ષાયાદી/એડીશનલ ફાઇનલ સીલેકટ લીસ્ટનું કદ એક ભરતી પ્રસંગ માટે ખાસ કિસ્સામાં ૩૫ ટકા સુધી રાખવાનું આથી ઠરાવવામાં આવે છે અને સીધી ભરતીમાં રાખવામાં આવતી પ્રતિક્ષાયાદીની મુદત અને ઉપયોગ બાબતની સામાન્ય વહીવટ વિભાગના તા.૧૦-૦૮-૨૦૧૬ ના ઠરાવ ક્રમાંક: પીએસસી/૧૦૮૯/૩૯૧૦/ગ-૨ તથા તા.૨૭-૦૭-૨૦૧૮ નો ઠરાવ ક્રમાંક: પીએસસી/૧૦૮૯/૩૯૧૦/ગ-૨ ની અન્ય જોગવાઇઓ યથાવત રહેશે.

આ હુકમ સરખા ક્રમાંકની ફાઇલ પરની સરકારશ્રીની મંજુરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(જયદીપ દ્રિવેદી)
સંયુકત સચિવ (પંચાયત)
પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ

પ્રતિ,

- માન.રાજયપાલશ્રીના સચિવશ્રી,રાજભવન,ગાંધીનગર
- અંગત સચિવશ્રી,માન. મુખ્યમંત્રીશ્રીનું કાર્યાલય,સ્વર્ણિમ સંકુલ-૧,સચિવાલય,ગાંધીનગર સચિવાલય,ગાંધીનગર
- અંગત સચિવશ્રી,માન. રા.ક.મંત્રીશ્રી (પંચાયત)નું કાર્યાલય,સ્વર્ણિમ સંકુલ-૨,સચિવાલય,ગાંધીનગર સચિવાલય,ગાંધીનગર
- અ.મુ.સ.શ્રી, પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી,સામાન્ય વહીવટ વિભાગ,સચિવાલય,ગાંધીનગર
- અધ્યક્ષશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી બોર્ડ,કર્મયોગી ભવન, બ્લોક નં.૨,પાંચમો માળ, ગાંધીનગર
- સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી બોર્ડ, કર્મયોગી ભવન, બ્લોક નં.૨,પાંચમો માળ, ગાંધીનગર
- ના.સે.અ.શ્રી સિલેક્ટ ફાઇલ
- શાખા સિલેક્ટ ફાઇલ